


મેરા મનડામાંહી ગુરુદેવ રમે
જગના તારણહારને મારું દિલ નમે.

જૂન ૧૯૮૩ * આત્મધર્મ * [ ૪૭૬ ] * અંક : ૧૨ વર્ષ : ૩૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* આ અલ્પ આયુ અને ચંચળ કાયાને સતમાર્ગમાં ખપાવી દેતાં જો તને પરમ વિશુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિ:શ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં મહા ચિંતામણિરત્ન કરતાં પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ; અને તેમાં જ માનવજીવનની સફળતા છે.

( શ્રી ગુણભદ્રાચાર્ય )

* પોતાના આત્માના ઉદ્ધારની ચિંતા કરવી તે ઉત્તમ ચિંતા છે, શુભરાગના વશે બીજા જીવોનું ભલું કરવાની ચિંતા કરવી તે મધ્યમ ચિંતા છે. કામભોગની ચિંતા કરવી તે અધમ ચિંતા છે અને બીજાનું અહિત કરવાનો વિચાર કરવો તે અધમથી અધમ ચિંતા છે.

( પરમાનંદ સ્તોત્ર )

* આ જીવ ભોગોના નિમિત્તે તો બહુ અલ્પ પાપ કરે છે પરંતુ તંદુલ મત્સ્યની જેમ પ્રયોજન વિના જ પોતાના દુર્વિચારોથી ઘોર પાપ કરે છે.

( —શ્રી જયસેનાચાર્યદેવ )

* આ સદ્‌ગુરુઓની આજ્ઞા છે. સમસ્ત સિદ્ધાંતોનો આ જ સાર છે. કર્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય આ છે કે પોતાના ચિદ્રૂપ આત્મામાં વિશુદ્ધિ કરવી.

( —શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી )

* જેમ કોઈ પુરુષ રત્નદ્વીપને પામવા છતાં રત્નદ્વીપમાંથી રત્નને છોડી કાષ્ટ ગ્રહણ કરે છે, તેમ મનુષ્ય ભવ વિષે ધર્મભાવનાનો ત્યાગ કરીને ભોગની અભિલાષા કરે છે.

( —શ્રી ભગવતી આરાધના )

—o—

કહાન
સંવત ૩
વર્ષ ૩૯
અંક ૧૨
[ ૪૭૬ ]




વીર
સંવત
૨૫૦૯
A.D. 1983
JUNE

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# 卐 કહાનગુરુ–સ્તુતિ 卐

[ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી વહેલી ભક્તિભાવભીની ગુરુ-સ્તુતિ ]

( રાગ–ધર્મધ્વજ ફરકે છે... )

કહાનગુરુ બિરાજે મનમંદિરિયે,
વસો વિદેહી ગુરુ અમ અંતરિયે,
કલ્પવૃક્ષ ફળ્યાં અમ આંગણિયે.

શી શી કરું તુજ પૂજના, શી શી કરું તુજ વંદના,
ગુરુજી પધાર્યા આંગણે, અમ હૃદય ઉલસિત થઈ રહ્યા.

પંચમ કાળે પધાર્યા ગુરુ તારણહાર,
સ્વર્ણે બિરાજ્યા સત્ય પ્રકાશનહાર....કહાનગુરુ૦ ૧

દિવ્ય તારું દ્રવ્ય છે ને દિવ્ય તારું જ્ઞાન છે,
દિવ્ય તારી વાણ છે ને અમ જીવન–આધાર છે,

ચૈતન્યદેવ પ્રકાશ્યા ગુરુ–અંતરમાં,
અમૃતધારા વરસી સારા ભારતમાં...કહાનગુરુ૦ ૨

સૂર્ય–ચંદ્રો ગગનમાં ગુણગાન તુજ કરતા અહો!
મહિમાભર્યા ગુરુદેવ છો, શાસનતણા શણગાર છો,

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૧ ]

# વિષાપહાર સ્તોત્ર

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

[ પ્રવચન ચોથું—ઉત્તરાર્ધ ]

આ એક વિષાપહાર સ્તોત્ર નામની ભગવાનની સ્તુતિ છે. તેમાં કહે છે કે—

**कोपेक्षकस्त्वं क्व सुखोपदेशः, स चेत्किमिच्छाप्रतिकूलवादः ।**
**क्वासौ क्व सर्वजगत्प्रियत्वम् तन्नो यथातथ्यमवेविचं ते ॥ १८ ॥**

કહાં તુમ્હારી વીતરાગતા, કહાં સૌખ્યકારક ઉપદેશ,
હો ભી તો કૈસે બન સકતા, ઈન્દ્રિય-સુખ-વિરુદ્ધ આદેશ?
ઔર જગતકી પ્રિયતા ભી તબ, સંભવ કૈસે હો સકતી?
અચરજ, યહ વિરુદ્ધ ગુણમાલા, તુમમેં કૈસે રહ સકતી! ૧૮

જુઓ તો ખરા! ભક્તિ કરતાં કરતાં કવિના આ હૃદયના ઉદ્ગારો નીકળ્યા હે નાથ! આપ રાગદ્વેષથી રહિત છો તેથી આપને કોઈ પ્રકારની ઇચ્છા જ નથી. અ છતાં આપ ભવ્ય જીવોને સુખનો ઉપદેશ આપો છો. આપ વીતરાગ છો. છતાં જીવે સુખ કેવી રીતે પ્રાપ્ત થાય, તેના અનાદિના દુઃખનો અંત કેમ આવે તેનો અ દિવ્યધ્વનિ દ્વારા ઉપાય બતાવી રહ્યા છો. આમ આપની વાતમાં પરસ્પર વિરોધ લા છે. આપને ઇચ્છાનો અભાવ છે અને તોપણ ઉપદેશ છે તે આપની વાત વિચિત્ર લાગે

આપને ઇચ્છા નથી છતાં ઇચ્છાવાળાને આપ ઉપદેશ આપો છે. વળી ઇચ્છાવા બહારમાં સુખ ઇચ્છે છે તેને આપ બહારમાં સુખ નથી તેમ ઉપદેશ આપો છો. આ જીવની ઇચ્છા વિરુદ્ધ આપનો ઉપદેશ છે. છતાં ઇચ્છાવાળા જીવને આપનો ઉપદે રુચિકર લાગે છે. અને આપ તેની વિરુદ્ધ ઉપદેશ આપો છો તોપણ આપ બધા પ્રિય લાગો છો. પ્રભુ! આપની વાત બહુ અટપટી લાગે છે. ઇચ્છા વિરુદ્ધ ઉપદે આપનાર તો વેરી લાગે, પણ આપ તો જગતને પ્રિય લાગો છો.

હે પ્રભુ! આપને ઇચ્છા બિલકુલ નથી. છતાં આપનો ઉપદેશ ધોધમાર નીકળે

પ્રભુ ! વાણી વ્યભિચારીણી છે. તેનાથી ચૈતન્યનો મહિમા કહી શકાય નહિ. વિકલ્પાતીત થતાં જ ચૈતન્યનો મહિમા જાણી શકાય છે.

तुङ्गात्फलं यत्तदकिंचनाच्च, प्राप्यं समृद्धान्न धनेश्वरादेः ।
निरम्भसोऽप्युच्चतमादिवाद्रेर्नैकापि निर्याति धुनी पयोधेः ॥१९॥

તુમ સમાન અતિ તુંગ કિંતુ નિધનોંસે, જો મિલતા સ્વયમેવ,
ધનદ આદિ ધનિકોંસે વહ ફલ, કભી નહીં મિલ સકતા દેવ;
જલવિહીન ઊંચે ગિરિવરસે, નાના નદિયાં બહતી હૈ,
કિંતુ વિપુલ જલયુક્ત જલધિસે, નહીં નિકલતી, ઝરતી હૈ. ૧૯.

હે ભગવાન ! ઉદાર ચિત્તવાળા દરિદ્ર મનુષ્ય પાસેથી જે ફળ પ્રાપ્ત થઈ શકે છે તે ફળ સંપત્તિશાળી લોભી મનુષ્ય પાસેથી પ્રાપ્ત થઈ શકતું નથી. અને તે બરાબર છે. મોટા અને ઊંચા પર્વતમાં પાણીનું બિંદુ નથી તોપણ મોટી મોટી નદીઓ તેમાંથી જ વહે છે, પણ પાણીથી ઠસોઠસ ભરેલા સમુદ્રમાંથી એક પણ નદી વહેતી નથી. તેમ હે નાથ! આપની પાસે કંઈ નથી. આપ સમસ્ત પરિગ્રહથી રહિત છો તથા વીતરાગ છો પરંતુ પર્વતની માફક આપનું હૃદય ઉન્નત્ત છે. તેથી આપની પાસેથી અમને જે મળે છે તે મોટા ક્ષયોપશમવાળા પાસેથી તથા અર્ધલોકના સ્વામી ઇન્દ્ર પાસેથી પણ મળી શકતું નથી.

કેવળજ્ઞાન જ્યાં પરિણતિપણે પરિણમી રહ્યું છે ત્યાં દેવા–લેવાની વૃત્તિ નથી, છતાં ઈચ્છા વગર દિવ્ય ધ્વનિનું અમૃત વરસે છે, પર્વતમાંથી વહેતી નદીની માફક, જગતના જીવોને, ઉન્નત પ્રકૃતિવાળા એવા આપની પાસેથી જ બધું મળે છે.

પાણીથી ભરચક દરિયામાં એક પણ નદી વહેતી નથી. તેમ કંજુસો પાસે અઢળક લક્ષ્મી હોય તોપણ જગતને તેની પાસેથી કંઈ મળતું નથી. તેમ જ્ઞાનનો ક્ષયોપશમ જેને ઘણો હોય, અગિયાર–અગિયાર અંગનો પાઠી હોય પણ જે અજ્ઞાની છે તેની પાસેથી જીવોને કંઈ પણ તત્ત્વ મળતું નથી. અમે ઘણા જાણપણાવાળા છીએ, અમને ઘણા માનનારા છે, પણ તેવા માની જીવો પાસેથી જ્ઞાન મળતું નથી.

આપના કેવળજ્ઞાનમાંથી જે વાણી નીકળી, તે સાંભળીને દુનિયા ન્યાલ થઈ જાય છે. ભગવાન કોઈને કંઈ આપતા નથી તોપણ ભગવાનની વાણીમાં આત્માનું જે અદ્‌ભુત મહિમાવાળું સ્વરૂપ આવે છે તે સાંભળીને જગતના ભવ્ય જીવો, અનાદિથી ભૂલેલા નિજ–નિધાનને ઓળખીને ન્યાલ–ન્યાલ થઈ જાય છે. ભગવાને કંઈ આપ્યું નથી. છતાં ભગવાને સર્વસ્વ આપ્યું છે.

ધર્માત્માનું એક વચન પણ પૂર્ણતાને પમાડે તેવું હોય છે. અને અજ્ઞાનીનો

ધોધમાર ઉપદેશ નીકળતા હોય તોપણ તે વાણીથી જીવનું કલ્યાણ થતું નથી. ચૈ
સ્પર્શીને આવતી વાણી થોડી હોય તોપણ જીવના પરમ કલ્યાણનું કારણ છે
અજ્ઞાનીની ધોધમાર વાણી પણ ચૈતન્યને સ્પર્શીને આવતી નહિ હોવાથી, અ
ચૈતન્યની પ્રાપ્તિનું કારણ નથી.

દરિયામાંથી નદી નીકળતી નથી કારણ કે દરિયો ઊંચો નથી. પર્વતમાંથી ન
નીકળે છે કારણ કે પર્વત ઊંચો છે. તેમ હે ભગવાન! આપનું હૃદય પર્વતની
ઉન્નત છે. આપને પૂર્વે બીજા જીવો ધર્મ પામે એવો ઉત્કૃષ્ટ શુભ-વિકલ્પ આવ્યો
તેથી આપની વાણી નીકળતાં બીજા જીવો ધર્મ ન પામે તેમ બને જ નહિ.
આપની વાણી સફળ છે.

त्रैलोक्यसेवानियमाय दण्डं, दध्रे यदिन्द्रो विनयेन तस्य ।
तत्प्रातिहार्यं भवतः कुतस्त्यं, तत्कर्मयोगाद्यदि वा तवास्तु ।।२०।।

કરો જગત-જન જિનસેવા, યહ સમઝાને કો સુરપતિ ને,
દંડ વિનય સે લિયા, ઇસલિએ, પ્રાતિહાર્ય પાયા ઉસને;
કિંતુ તુમ્હારે પ્રાતિહાર્ય વસુ-વિધિ હૈ સો આયે કૈસે?
હે જિનેન્દ્ર, યદિ કર્મયોગસે, તો વે કર્મ હુએ કૈસે? ૨

ભગવાન જ્યારે સંસારમાં હતાં ત્યારે ઇન્દ્ર તેમના છડીદાર હતા તથા ભગવ
કેવળજ્ઞાન થયું ત્યારે પણ ઇન્દ્ર તેઓની શોભામાં કારણભૂત થયા હતા તેથી અ
તો ઇન્દ્રને પ્રાતિહાર્યપણું ઘટે છે. પરંતુ આપને પ્રાતિહાર્ય ઘટતાં નથી.

હે જીવો! ભગવાનનો ઉપદેશ સાંભળવા આવો, અહીં ભગવાનની પાસેથી ત
સુખનો ઉપદેશ મળશે. અન્ય ક્યાંયથી આવો ઉપદેશ નહિ મળે. આમ ઇન્દ્ર ભગવા
છડીદાર થઈને દુંદુંભી દ્વારા જગતની પાસે જાહેર કરે છે. આથી ઇન્દ્રને પ્રાતિહાર્ય
બરાબર ઘટે છે. તોપણ તીર્થંકરગોત્ર કર્મના ઉદયને લઈને પ્રાતિહાર્ય આપને
ઘટે છે. ઇન્દ્રને પ્રાતિહાર્યપણું ઘટતું નથી.

જ્યારે ભગવાન ઋષભનાથ ભોગભૂમિ બાદ કર્મભૂમિની વ્યવસ્થા કરવા તૈયાર
હતા ત્યારે ઇન્દ્રે આવીને ભગવાનની ઇચ્છા પ્રમાણે બધી વ્યવસ્થા કરવા માટે

## * વૈરાગ્યજનની બાર ભાવના *

શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

(પ્રવચન–ચોથું)

### અધ્રુવ–અનુપ્રેક્ષા

यत्किमपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन ।
परिणामस्वरूपेण अपि न च किं अपि शाश्वतं अस्ति ॥ ४ ॥

**અર્થ:—જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈ પણ (વસ્તુ) શાશ્વત્ નથી. ૪.**

આ બાર ભાવનાઓનું વર્ણન ચાલે છે. કેવી છે આ બાર ભાવનાઓ? ભવ્ય જીવોને આનંદની જનની છે અને તે સાંભળતા જ ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઉપજે છે.

ધર્મી જીવ બાર ભાવના ભાવે છે, તેનું આ વર્ણન છે. હું આત્મા જ્ઞાનાનંદ નિત્ય દ્રવ્ય છું—એવા ભાનપૂર્વક ક્ષણે ક્ષણે શુદ્ધતાની વૃદ્ધિ થાય છે તે માટે આ બાર વૈરાગ્ય ભાવનાઓ છે. તીર્થંકરો પણ આવી ભાવનાઓ ભાવે છે. ચિદાનંદસ્વભાવ ત્રિકાળ કોણ છે? તેના ભાન વિના 'બધું અનિત્ય છે' એમ માનીને જે વૈરાગ્ય કરે તે તો મિથ્યાત્વગર્ભિત વૈરાગ્ય છે. નિત્યસ્વભાવની ભાવના પૂર્વક ક્ષણિક પર્યાયને દેખીને તેમાં હર્ષ શોક ઉત્પન્ન ન થાય તેનું નામ ખરી અનિત્ય ભાવના છે.

અજ્ઞાની જીવને પરવસ્તુની પર્યાયને દેખીને તેમાં ઇષ્ટ–અનિષ્ટની માન્યતાથી રાગ-દ્વેષ થાય છે. કેવળજ્ઞાનીની પર્યાય દેખીને રાગ થાય, ત્યાં પરને લઈને તે પ્રમોદ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી જાણે છે કે ખરેખર પરને કારણે મને રાગ નથી. વળી જે જીવ દુશ્મનને કારણે દ્વેષ માને છે, તે પર્યાય બુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી તો તો જાણે છે કે જગતમાં બધાં પદાર્થો પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. એટલે પર્યાય બુદ્ધિના રાગ-દ્વેષ તો તેને થતા જ નથી.

અજ્ઞાની જીવને અનાદિથી દ્રવ્યસ્વભાવનું ભાન નથી ને ક્ષક્ષિક પર્યાયને દેખીને તેને જ સ્થિર રાખવા માગે છે. દેહાદિના સંયોગને કે શુભરાગને કાયમ ટકાવવાની જેની ભાવના છે તે જીવ પર્યાયમૂઢ છે. હું તો શુદ્ધ જ્ઞાયક નિત્ય ટકનાર છું. એમ દ્રવ્યના ભાનપૂર્વક ધર્મીને અસ્થિરતાથી રાગ–દ્વેષ થાય તે ઘણા અલ્પ હોય છે. જેને નિત્ય સ્વભાવનું ભાન નથી તે સંયોગને અને પર્યાયને કાયમ ટકાવવાની ભાવના ભાવે છે. તેવા જીવને ખરી અનિત્ય ભાવના હોતી નથી.

હે ભગવાન! ભવોભવ આપનું શરણુ હજો. આપના ચરણુ સમીપે સદાય રહું! એમ ભક્તિથી બોલાય છે. ત્યાં અંતરમાં ધર્મીને ખરેખર સંયોગની ભાવના નથી; ધર્મી તો જાણે છે કે મને પર તો શરણભૂત નથી પણ મારી અનિત્ય પર્યાય પણ મને આશ્રયભૂત નથી. નિત્ય જ્ઞાયક ચૈતન્યસ્વભાવ જ મને શરણ છે. તે સ્વભાવની સમીપે હું રહ્યા કરું એવી ધર્મીની ભાવના છે. ત્રણ લોકના નાથ તીર્થંકરનો વિરહ પડે અને આંખમાં આસું આવે, ત્યાં ધર્મીને તીર્થંકરના વિરહને કારણે તે ખેદ થયો નથી, પણ અસ્થિરતાના કારણે રાગ થઈ ગયો છે, પણ પર્યાયબુદ્ધિ નથી. અજ્ઞાની જીવને તો પર્યાયબુદ્ધિ હોવાથી તે અજ્ઞાનથી આકુળ-વ્યાકુળ થાય છે, તેને સંયોગની ભાવના છે પણ નિત્ય ટકતા સ્વભાવની ભાવના તેને નથી. ધર્મી તો નિત્ય સ્વભાવના ભાનપૂર્વક અનિત્ય ભાવના વિગેરે ભાવનાઓ ભાવે છે. જુઓ! આ ભાવનાઓ ભવ્યજીવને આનંદની જનની છે. આ વાત જેને લૂખી લાગે તેને વસ્તુસ્વરૂપનું ભાન નથી. ધર્મીને આ ભાવનાઓથી પર્યાયમાં ક્ષણે ક્ષણે રાગ તૂટતો જાય છે ને આનંદ વધતો જાય છે.

અનિત્ય ભાવના કેવી રીતે ચિંતવવી તે કહે છે. અનિત્ય ભાવના ભાવનારને નિત્ય વસ્તુની દૃષ્ટિ હોવી જોઈએ. તેથી કહે છે કે "હું તો દ્રવ્યથી તો શાશ્વત્ આત્મદ્રવ્ય છું, આ ઉપજે છે, વિણસે છે તે પર્યાયનો સ્વભાવ છે. તેમાં હર્ષ-વિષાદ શો?" હું કાયમ રહેનારો આત્મા છું. આવા આત્મસ્વભાવના ભાનપૂર્વક તેના અવલંબને જે નિર્દોષ પર્યાય પ્રગટે છે તેનું નામ ધર્મ છે. એ સિવાય બહારની ભક્તિ વિગેરેની ક્રિયા કે શુભભાવ તે ધર્મ નથી. અહો! મારે મારો ચિદાનંદ આત્મા જ ધ્રુવ છે. સંયોગો તો અધ્રુવ છે ને શુભ-અશુભ લાગણી થાય તે પણ ક્ષણિક અધ્રુવ છે. આમ ધર્મીને વસ્તુદૃષ્ટિનું ભાન છે, તેથી પર્યાયબુદ્ધિથી તેને હર્ષ-શોક થતા નથી. અલ્પ હર્ષ-શોક થાય તે વખતે પણ ધ્રુવ સ્વભાવની ભાવનાની મુખ્યતા ખસતી નથી.

"શરીર છે તે પુદ્‌ગલ અને જીવના સંયોગ જનિત પર્યાય છે અને ધન-ધાન્યાદિક છે તે પુદ્‌ગલના પરમાણુઓનો સ્કંધ પર્યાય છે, એટલે તેને મળવું-વિખરાવું નિયમથી અવશ્ય છતાં તેમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે એ જ મોહજનિત ભાવ છે, માટે વસ્તુસ્વરૂપ જાણી તેમાં હર્ષ-વિષાદાદિ રૂપ ન થવું."

નિત્ય ટકતી જ્ઞાયક વસ્તુને જાણ્યા વિના ખરેખર હર્ષ-શોક ટળે નહિ. "હું શુદ્ધ છું. રાગ પણ મારું સ્વરૂપ નથી"—એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને આ વૈરાગ્ય ભાવનાઓના શ્રવણચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે આવી વૈરાગ્ય ભાવનાઓ પણ હોય છે. શુદ્ધસ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતા આવી વૈરાગ્ય ભાવનાઓ આવે છે.

પર્યાયનો સ્વભાવ અનિત્ય છે. પર્યાયનું પલટવું તે તો વસ્તુનો ધર્મ છે. પર્યાયનું પલટવું તે કાંઈ વિકારનું કારણ નથી પણ પર્યાયને સ્થિર રાખવાની બુદ્ધિ તે વિકારનું

કારણ છે. જો પર્યાયનું પલટવું તે વિકારનું કારણ હોય તો વિકાર કદી ટળી શકે જ નહિ, કેમકે પર્યાય તો સદાય સિદ્ધને પણ પલટ્યા જ કરે છે. પર્યાય પલટવા છતાં વસ્તુપણે હું ધ્રુવ છું-એમ ધ્રુવસ્વભાવનું જેને ભાન નથી તે પર્યાય પલટતાં "જાણે હું આખોય પલટી ગયો" એમ માનીને પર્યાયબુદ્ધિથી હર્ષ-શોક કરે છે. માટે પર્યાયબુદ્ધિ તેજ સંસારનું કારણ છે.

સર્વજ્ઞદેવે વસ્તુનો સ્વભાવ નિત્ય-અનિત્યરૂપ કહ્યો છે; તેમાં અનિત્યતા તે કાંઈ વિકારનું કારણ નથી. જો અનિત્યતા તે વિકારનું કારણ હોય તો મિથ્યાત્વ ટળીને શુદ્ધતા કદી થાય નહિ. જુઓ! આ ભાવના! ધર્મીને આ ભાવનામાં વીતરાગતા છે, આનંદ છે. આ શાસ્ત્ર બહુ જૂનું છે. અહો! અડોલ દિગમ્બર વૃત્તિના ધારણ કરનારા અને ચિદાનંદ આત્મામાં ડોલતાં મુનિવરો! જેઓ છઠ્ઠે સાતમે ગુણસ્થાને આત્માના અમૃતકુંડમાં ઝૂલે છે—તેમનો અવતાર સફળ છે, તેવા સંતો પણ આ વીતરાગી બાર ભાવનાઓ ભાવે છે. છેલ્લે ૪૮૭ મી ગાથામાં કહે છે કે:—

જિનવચનની ભાવના અર્થે સ્વામીકુમાર અર્થાત્ સ્વામીકાર્તિકેય નામના મુનિએ આ અનુપ્રેક્ષા રચી છે. મુનિવરો પણ આવી વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે. વસ્તુસ્વરૂપને લક્ષમાં રાખીને આ બધી ભાવનાઓ છે. વસ્તુસ્વરૂપ સમજીને આ ભાવનાઓ વારંવાર ચિંતવવા જેવી છે. પર્યાયો ક્ષણે ક્ષણે પલટી જાય છે, ને દ્રવ્યસ્વભાવ કાયમ ટકનારો છે. આમ જાણે તો પર્યાયો પલટતી હોવા છતાં સ્વભાવ સન્મુખ એકાગ્રતા રહ્યા કરે. પર્યાયમાં ક્ષણિક વિકાર થાય છે ને બીજી ક્ષણે ટળી જાય છે. માટે તે મારો કાયમી સ્વભાવ નથી— આમ જાણે તો અલ્પકાળમાં રાગદ્વેષ ટળી ગયા વગર રહે નહિ. પર્યાયને ખરેખર અનિત્ય ક્યારે જાણી કહેવાય? કે પર્યાયનું અવલંબન છોડીને ધ્રુવ એવી વસ્તુનું અવલંબન કરે તો ખરેખર પર્યાયની અનિત્યતાની ભાવના ભાવી કહેવાય. પર્યાયનો સ્વભાવ જ ક્ષણે ક્ષણે પલટવાનો છે—એમ જેણે પર્યાયની અનિત્યતાને જાણી તેને ર્યાય પલટતાં હર્ષ શોક થતો નથી. પર્યાય પલટતાં જેને પર્યાયબુદ્ધિથી હર્ષશોક થાય છે તેને અનંતાનુબંધી રાગદ્વેષ છે. શરીરની નિરોગ દશાને કારણે હર્ષ માને ને શરીરમાં રોગ થતાં તેમાં પર્યાયબુદ્ધિથી શોક કરે તે મિથ્યાદષ્ટિના હર્ષ-શોક અનંત સંસારનું કારણ છે.

આ શરીર તો જીવ-પુદ્ગલના સંયોગરૂપ પર્યાય છે તે સંયોગ અનિત્ય છે, ક્ષણમાં પલટી જશે. સંયોગ વખતે જ તેને ક્ષણિક જાણે તેમાં એકત્વબુદ્ધિ રહે નહિ અને વિયોગમાં પણ એકત્વબુદ્ધિથી શોક ન થાય. વળી ધન, ધાન્ય વગેરે પદાર્થો દેખાય છે તે પણ પુદ્ગલની સ્કંધ પર્યાય છે, તેથી તે ક્ષણમાં પલટી જાય છે. મારો આત્મા દ્રવ્યથી નિત્ય છે, તેનો કદી નાશ થતો નથી, તેમજ મૂળ પુદ્ગલ દ્રવ્યનો નાશ થતો

નથી, વસ્તુ કાયમ ટકીને પર્યાય પલટે છે. પર્યાય પલટતાં કાંઈ ધ્રુવ વસ્તુનો નાશ થઈ જતો નથી; માટે જેને ધ્રુવ વસ્તુનું ભાન છે તેને પર્યાય પલટતાં પર્યાયબુદ્ધિથી રાગ દ્વેષ થતાં નથી. પણ ધ્રુવ વસ્તુની ભાવનામાં ક્ષણે ક્ષણે વીતરાગતા જ વધતી જાય છે. ખરી અનિત્ય ભાવના સમકિતીને જ હોય છે. સર્વજ્ઞને તો રાગ-દ્વેષ થતાં જ નથી. ધર્મી સાધકને રાગ-દ્વેષ થાય છે પણ પર્યાયને દેખીને તે રાગ-દ્વેષ થતાં નથી—દૃષ્ટિમાં દોષ નથી પણ અસ્થિરતાથી રાગ-દ્વેષ થાય, તે ઘણા અલ્પ છે, ને અજ્ઞાની તો પર્યાયની ભાવનાથી રાગ-દ્વેષ કરે છે. એટલે તેના રાગ-દ્વેષ અનંત સંસારનું કારણ છે.

જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં મોટો–ઉગમણો-આથમણો આંતરો છે. તે અજ્ઞાનીને સમજવો કઠણ પડે છે. લડાઈ વખતે ધર્મીને દુશ્મનના કારણે દ્વેષ થતો નથી. તેને ભાન છે કે મને આ પરને કારણે દ્વેષ થતો નથી, મારી નબળાઈને કારણે દ્વેષ આવી જાય છે. એટલે દ્વેષને ટાળવાનું પણ પોતાના હાથમાં રહ્યું અને અજ્ઞાનીને તો એવી માન્યતા છે કે દુશ્મનને દેખીને મને દ્વેષ થયો એટલે તેણે પરની પર્યાયના કારણે દ્વેષ માન્યો. તે મિથ્યાત્વ સહિતનો અનંતો દ્વેષ છે.

ધર્મીના દ્વેષમાં અને અજ્ઞાનીના દ્વેષમાં અનંતગણો ફેર છે. ધર્મી અને અધર્મી બંને એકીસાથે બેસીને દૂધપાક ખાતા હોય, ત્યાં અજ્ઞાનીને તે દૂધપાકની પર્યાયને કારણે રાગ થાય છે ને ધર્મીને રાગ થાય ત્યાં તે પોતાની અસ્થિરતાથી થાય છે એમ તે જાણે છે. અજ્ઞાની જીવ ખાતાં ખાતાં કદાચ વૈરાગ્યને ચિંતવતો હોય કે "અહો! આ દેહ તો અનિત્ય છે" પણ અંદરમાં નિત્ય ચિદાનંદ વસ્તુના ભાન વગર તેની અનિત્ય ભાવના યથાર્થ હોતી નથી. ધર્મીને નિત્ય વસ્તુના ભાનપૂર્વક ખરી અનિત્ય ભાવના હોય છે.

બે રેલગાડી નજીક નજીક ઊભી હોય. એકનું મોઢું ઉત્તર તરફ હોય, ને બીજીનું દક્ષિણ તરફ હોય તો તેમની ગતિમાં કેટલો આંતરો છે? તેમ ધર્મી અને અધર્મી બન્નેને રાગ થતો દેખાય પણ અંતરમાં ધર્મીની દૃષ્ટિ નિત્યસ્વભાવ ઉપર પડી છે ને અજ્ઞાનીની દૃષ્ટિ એકલી પર્યાય ઉપર જ પડી છે તેથી બંનેની ગતિમાં એટલે કે અંદરના પરિણમનમાં અનંતો ફેર છે. આ વાત સમજવા જેવી છે.

ધર્મી જાણે છે કે મારા અંતરસ્વભાવમાં રાગ-દ્વેષ નથી. ને પદાર્થોની પર્યાયનો અનિત્ય સ્વભાવ છે તેને કારણે પણ મને રાગ-દ્વેષ થતા નથી. સ્વભાવમાં એકાગ્રતા રહેતી નથી તેથી રાગ-દ્વેષ થાય છે, તે મારા સ્વભાવમાં એકાગ્રતા કરતા ટળી જશે. આમ ધર્મીને ધ્રુવસ્વભાવની ભાવનાપૂર્વક અનિત્ય ભાવના હોય છે.

હું કાયમ રહેનાર નિત્ય ચૈતન્ય છું એમ પોતાના સ્વભાવની ભાવના ન કરતાં, અજ્ઞાની જીવ પર્યાયને સ્થિર રાખવાની ભાવના કરે છે. પર્યાય એક સમય રહેનાર

અનિત્ય છે, તેને ટકાવી રાખવાની ભાવના તે મિથ્યાત્વ છે. રુચિ ક્યાં પડી છે?–નિત્ય વસ્તુના આશ્રયમાં રુચિ પડી છે કે ક્ષણિક પર્યાય ઉપર રુચિ પડી છે?–તેના ઉપર આધાર છે. પર્યાયો તો નિયમથી પલટયા જ કરશે તો તારે શું કરવું છે? જ્ઞાતાપણે જાણવું છે? કે ફેરફાર કરવાનું માનવું છે? જો પર્યાયને સ્થિર ટકાવી રાખવાની ભાવના કરીશ તો પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ થશે. તું તારા નિત્ય સ્વભાવના આશ્રયે પલટતી પર્યાયનો જાણનાર રહે તો હર્ષ શોક ન થાય. વસ્તુસ્વરૂપ જેવું છે તેવું યથાર્થ જાણ્યા વિના અંદરમાં શાંતિ થાય નહિ જ, માટે "હું જ્ઞાતા છું, વસ્તુપણે ધ્રુવ છું, ને પર્યાયપણે બધા પદાર્થો ક્ષણિક છે."—એમ વસ્તુસ્વરૂપ જાણીને પર્યાય ઉપજતાં–વિણસતાં હર્ષ–વિષાદ ન કરવો. ક્ષણ ક્ષણમાં પર્યાય પલટતા અજ્ઞાનીને એકત્વબુદ્ધિથી હર્ષ–શોક થાય છે, તે પરમાં જ એકાકાર થઈ ગયો છે. ધર્મી તો અંતરમાં ધ્રુવ સ્વભાવના આશ્રયે જાણે છે કે અહો! પદાર્થોની પર્યાયનો સ્વભાવ જ ક્ષણે ક્ષણે પલટવાનો છે ને મારો સ્વભાવ જાણવાનો છે. આવા ભાનપૂર્વકની અનિત્ય ભાવના તેને હોય છે. તેમાં તેને વીતરાગતા વધતી જાય છે.

(ક્રમશઃ)

—o—

[ કહાનગુરુ સ્તુતિ......પેઇજ ૩ થી ચાલુ ]

નિત્યે શુદ્ધાત્મદેવ–આરાધનહાર,
જ્ઞાયકદેવના સાચા સ્થાપનહાર...કહાનગુરુ૦ ૩

શ્રુતતણા અવતાર છો, ભારત તણા ભગવંત છો,
અધ્યાત્મમૂર્તિ દેવ છો, ને જગત તારણહાર છો,
સૂક્ષ્મ તત્ત્વના ભાવો જાણનહાર,
મુક્તિપંથના સાચા પ્રકાશનહાર...કહાનગુરુ૦ ૫

ભરી અર્ઘના થાળો વધાવું ભાવથી ગુરુરાજને,
ભગવંત ભાવીના પધાર્યા, સેવક તારણહાર છે,
કૃપાનાથ ને અંતરની અરદાસ,
ગુરુચરણોમાં નિત્યે હોજો નિવાસ...કહાનગુરુ૦ ૫

—o—

# હે સમયસાર ! મને સહજ શાંતિનું પાન કરાવ

[ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આજે સમયસારનો દિવસ છે. સ્વાધ્યાયમંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠાનો આજે દિવસ છે. સમયસાર તે કુંદકુંદચાર્યદેવે રચેલું અલૌકિક જૈનદર્શનના મર્મરૂપ શાસ્ત્ર છે. લગભગ સંવત ૪૯ માં કુંદકુંદાચાર્ય થયા. તેઓ દિગંબર સંત હતા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા અંતરમાં પ્રગટી હતી. તે પંચ પરમેષ્ઠીમાં ભળ્યા હતા. તેઓ ભગવાન સીમંધર પરમાત્મા પાસે મહાવિદેહમાં ગયા હતા. તેમને ભગવાનનો વિરહ પડયો કે અરેરે ! વીર પરમાત્માની હાજરી નહિ, સાક્ષાત્ તીર્થંકરનો યોગ નહિ ! સીમંધર પરમાત્મા યાદ આવ્યા. તેઓ અહીંના આચાર્ય હતા. તે વખતના શાસનમાં તેઓ મુખ્ય આચાર્ય હતા એટલે સર્વ શંકાનું સમાધાન કરવાની જવાબદારી તેમના ઉપર હતી. એક વખત તેમને તીર્થંકરોના વિરહનો પરિતાપ થયો.

"રે ! રે ! સીમંધરનાથના વિરહા પડયા આ ભારતમાં."

એવા વિચારની શ્રેણીમાં ચડયા ત્યાં મહાવિદેહમાં જવાનો યોગ બન્યો. અત્યારે મહા વિદેહમાં જે સીમંધર પરમાત્મા બિરાજે છે તે જ સીમંધર પરમાત્મા તે વખતે બિરાજતા હતા. ત્યાં કુંદકુંદ પ્રભુ ગયા અને આઠ દિવસ ભગવાનની વાણી સાંભળી. ત્યાં જ્ઞાનની નિર્મળતા ઘણી વધી ગઈ. ત્યાં આઠ દિવસ રહીને પાછા ભરતે પધાર્યા, ત્યાર પછી સમયસારાદિ મહાન પરમાગમો રચ્યા. સાક્ષાત્ આત્માનો અનુભવ, પ્રત્યક્ષ ભગવાનનો ભેટો અને મુનિદશાના ચારિત્રમાં ઝૂલતા-ઝૂલતા તેમણે આ અલૌકિક શાસ્ત્રો રચ્યાં છે. અનંતકાળથી જે તત્ત્વ સમજવું રહી ગયું છે તે આમાં સમજાવ્યું છે. બીજા ઘણા શાસ્ત્રોમાં તેનું રહસ્ય રહેલું છે પણ સમયસાર તો તેમાં સર્વોત્કૃષ્ટ છે.

અહો ! આવું અલૌકિક સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર આ સમયસાર છે. તેની પ્રતિષ્ઠાનો આજે દિવસ હોવાથી તેના માંગલિક તરીકે સમયસારનો પ્રથમ માંગલિક શ્લોક વંચાય છે.

नमः समयसाराय स्वानुभूत्याचकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे ॥१॥

અહો ! આત્માની શાંતિના પંથે વિચરનારા આત્માઓને માંગલિક એવો આ શ્લોક છે. અપ્રતિહતભાવે શુદ્ધાત્માને નમસ્કાર છે. આચાર્યદેવ પોતે સાધક છે. સ્વર્ગમાં જઈ ત્યાંથી મનુષ્ય થઈ મુક્તિ પામવાના છે. તેમણે આ અપ્રતિહત માંગલિક કર્યું છે.

અહો! ચૈતન્યનું કેવું સ્વરૂપ વર્ણવે છે! હું સમયસારને નમસ્કાર કરું છું. સમયસાર એટલે શુદ્ધ આત્મા! જડકર્મ ને ભાવકર્મથી રહિત જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ આત્માને હું નમસ્કાર કરું છું. અત્યારે આત્માનું જેવું શુદ્ધ સ્વરૂપ છે તેને ઓળખીને તેનો જ આદર કરું છું. તે સિવાય બીજાને આદરતો નથી. શરીર જડકર્મ ને સંસાર તેનાથી આત્મા રહિત છે. અત્યારે પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિએ આત્મામાં શરીર-જડકર્મ કે સંસાર નથી. એક સમયની પર્યાયમાં જે વિકાર છે તે ત્રિકાળી આત્માનું સ્વરૂપ નથી. આવા શુદ્ધ આત્માને નમસ્કાર કરવા તેની રુચિ-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે માંગલિક છે. ત્રિકાળી ચૈતન્યસ્વરૂપને જ્ઞાનમાં લઈને એક સમયનાં સંસારને 'અછતો' કરે છે અને અનાદિથી જે સ્વભાવ સત છે પણ જે અનાદિથી શ્રદ્ધામાં લીધો ન હતો તેને શ્રદ્ધામાં લઈને નમસ્કાર કરે છે.

જુઓ, સમયસાર એટલે શુદ્ધ આત્મા! તે આત્મા સંસાર રહિત છે, ને શરીર કર્મ તો પર પદાર્થ છે. આવા શુદ્ધાત્માને લક્ષમાં લઈને તેની રુચિ અને નમસ્કાર કરવા હું એક આત્મા છું, હું સિદ્ધ થવા માટે નીકળ્યો છું, મારા આત્મામાં સંસાર નથી—આમ કોણ કહે? આત્માના શુદ્ધ સ્વભાવને દૃષ્ટિમાં લીધો છે તે જીવ કહે છે કે મારા સ્વરૂપમાં સંસાર નથી, કર્મ વગેરે મારામાં નથી. એક સમયનો વિકાર તે હું નથી, પર્યાયમાં તે હોવા છતાં તેને સ્વભાવ દૃષ્ટિમાં અછતો કરે છે. જ્યાં ચૈતન્ય ભગવાન પોતાનું માંગલિક કરવા ઉઠ્યો ત્યાં તે કહે છે કે જે સંસારને હું ટાળવા માગું છું તે મારા સ્વરૂપમાં નથી. જો સંસાર પોતાના સ્વરૂપમાં હોય તો ટળે નહિ. સંસાર ક્યાં છે? વિકારી પર્યાયમાં સંસાર છે, પણ બહારમાં સંસાર નથી ને સ્વભાવમાં પણ સંસાર નથી. પરવસ્તુ તો આત્માના સ્વભાવમાં નથી પણ પરની મમતા કરે છે તે જ સંસાર છે, ને સ્વભાવની દૃષ્ટિમાં તે સંસારનો પણ અભાવ છે.

મારો સંસાર પરમાં નથી ને સંસાર મારો સ્વભાવ નથી. હું આનંદકંદ સ્વભાવ છું ને સંસાર હું નથી. જેને સંસાર દુઃખદાયક લાગ્યો હોય ને તેને ટાળીને મુક્ત થવાની જિજ્ઞાસા હોય, તે એમ વિચારે છે કે અહો! હું શુદ્ધ આત્મા છું. ક્ષણિક મમત્વની લાગણી તે ત્રિકાળ ચૈતન્યતત્ત્વમાં નથી. ત્રિકાળ શુદ્ધ સ્વભાવને ચૂકીને પર તે હું એવી માન્યતા તે સંસાર છે. જે સંસાર પોતાનું સ્વરૂપ માને તે તેનાથી કેમ છૂટે? માટે પહેલાં સ્વભાવની દૃષ્ટિથી સંસારનો અભાવ કરે છે. જુઓ, આ માંગલિકમાં મુક્તિના ગોળ-ધાણા વેચાય છે કે પહેલે ધડાકે જ એમ નક્કી કર કે કે હું ત્રિકાળ ચૈતન્યતત્ત્વ છું મારી ત્રિકાળી ચીજમાં સંસાર નથી. પર્યાયમાં રાગાદિ હોવા છતાં તે મારા સ્વરૂપની ચીજ નથી. અહો! હું મારા જ્ઞાનાનંદ સમયસાર ભગવાનને નમું છું. શરીરાદિને કે વિકારને નમતો નથી. નોકર્મ એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર તેને પણ હું નથી નમતો, મારો

આત્મા તે નોકર્મથી ભિન્ન છે. જડકર્મથી તેમ જ વિકારથી પણ રહિત એવા મારા ચૈતન્ય ભગવાન સમયસારને જ હું નમું છું—એમ ધર્મીની દૃષ્ટિનું મુખ્ય વલણ શુદ્ધ સ્વભાવમાં રહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનું મુખ્ય વલણ રહેતું નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ આવે પણ તે વખતે સ્વભાવની દૃષ્ટિ છૂટતી નથી. આચાર્ય ભગવાન માંગલિકમાં કહે છે કે અરે જીવો! જો તમને સંસાર દુઃખરૂપ લાગતો હોય ને તે ટાળીને પરમાનંદમય મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો પહેલાં આવા સ્વભાવને નક્કી કરો. અહો! હું ચિદાનંદ આત્મા છું હવે હું મારા અંતર્સ્વરૂપમાં ઢળીને તેને જ નમું છું.

જેને પરચીજમાં સંતોષ છે, સંસારમાં સુખ લાગે છે, તેવા જીવની તો વાત નથી. જેને આખો સંસાર દુઃખરૂપ લાગ્યો છે તેને કહે છે કે તું રાગનો સત્કાર છોડીને ચૈતન્યનો સત્કાર કર. ચૈતન્યની રુચિ કરીને તેમાં નમ્યો તેણે માંગલિક કર્યું.

જુઓ, સમયસારનું આ અલૌકિક મંગળ થાય છે. માંગલિકની શરૂઆત કયાંથી થાય છે?—કે કોઈ પણ પરપદાર્થથી મને લાભ છે એવી મિથ્યા બુદ્ધિમાં જે પરનો આદર કરે છે તેને છોડીને ચિદાનંદ સ્વભાવ જ મને લાભદાયક છે એમ રુચિ-મહિમા કરીને તેમાં નમવું-ઢળવું પરિણમવું તે અપૂર્વ માંગલિક છે. જ્યાં આવા સ્વભાવ તરફના સત્કારનો ભાવ પ્રગટયો ત્યાં વચ્ચે શુભરાગ આવતાં દેવ-શાસ્ત્ર-ગુરુ તરફના સત્કારનો ભાવ આવ્યા વિના રહેતો નથી, સ્વભાવનું સન્માન છોડીને એકલા પરના જ સન્માનમાં જે અટકયો છે તેને તો વસ્તુનું જ ભાન નથી.

અહો! અનાદિથી મેં મારા સ્વભાવનો સત્કાર છોડીને પુણ્ય-પાપનો ને પરનો સત્કાર કર્યો, તેને બદલે હવે હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો જ સત્કાર કરીને તેમાં નમું છું, તેનું વલણ કરું છું. આમ જે અંતરમાં વળ્યો તેને પરના સત્કાર-બહુમાનનો ભાવ સ્વભાવને ચૂકીને ન આવે.

સમયસાર તો પોતાનો શુદ્ધ આત્મા છે. સર્વજ્ઞ ભગવાને એક સમયના વિકાર વગરનો જે ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જોયો છે તેનું નામ 'સમયસાર' છે. તે સમયસાર કેવો છે?—કે જગતમાં સત્ ભાવરૂપ પદાર્થ છે. સ્વભાવભૂત વસ્તુ છે. અભાવરૂપ નથી. જુઓ, શ્રોતાને આવા ચૈતન્ય તરફ વાળીને આચાર્યદેવ માંગલિક કરે છે.

'ભાવ' એટલે કે શુદ્ધ આત્મા સદા 'છતો' પદાર્થ છે, તેમાં સંસાર અભાવરૂપ છે. ચૈતન્ય ભગવાનમાં પરનો અભાવ છે પણ પોતે ભાવરૂપ છે. આવા ભાવરૂપ શુદ્ધ આત્માને આદરવો તેનું નામ ધર્મ છે.

દરેક આત્મા આવા શુદ્ધ સ્વભાવે ત્રિકાળ છે. શુદ્ધ સત્તારૂપ છે. પર્યાયમાં એક સમયનો વિકાર છે તે સ્વભાવમાં અસત્ છે. આવા શુદ્ધ સ્વભાવને બતાવીને સંતો

જગતને કહે છે કે અરે જીવો! જે પંથે અમે જઈ રહ્યા છીએ તે પંથ આ રહ્યો! આ રહ્યો!!

શ્રી પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે: જે જીવ દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તે વિશુદ્ધ જ્ઞાન દર્શન પ્રધાન શ્રામણ્યને અંગીકૃત કરો....તેને અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા! તેમ સમયસારમાં આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમારા આત્મામાં શુદ્ધાત્માના અનુભવની દશા પ્રગટ કરવી હોય તો તેનો ઉપાય આ જ છે. શુદ્ધ સ્વરૂપ આત્માની પ્રતીત કરો! તેનું બહુમાન કરીને તેમાં નમો. પહેલેથી જ આવો સ્વભાવ નક્કી કરો કે બહારના પદાર્થોથી તો આત્મા ત્રિકાળ જુદો છે ને પુણ્ય-પાપરૂપ જે એક સમયનો સંસાર તે પણ મારા સ્વરૂપમાં નથી, હું એક ચૈતન્ય સત્તાસ્વરૂપ શુદ્ધ વસ્તુ છું—આમ શુદ્ધ આત્માને પ્રતીતમાં લેવો. અંદર અંધારું દેખાય ને બહારમાં જડ દેખાય પણ ભાઈ! તે બંનેને દેખનારો તું કોણ છો? તું શુદ્ધચૈતન્ય સત્તામય જાણનાર છો. અંધારાને દેખનારો પોતે અંધારારૂપે નથી. અંધારાને જાણનારો પોતે ચૈતન્યપ્રકાશરૂપ છે. અહો! આવી શુદ્ધ સત્તારૂપ ચૈતન્ય વસ્તુની અંતરમાં પ્રતીત કરો. પર્યાય બુદ્ધિ છોડીને શુદ્ધ વસ્તુને પ્રતીતમાં લ્યો.

દ્રવ્યથી શુદ્ધસત્તારૂપ વસ્તુ છે. ( भावाय ).

ગુણથી ચિત્ સ્વભાવવાળો છે. (चित्स्वभावाय).

અને પર્યાયથી સર્વ ભાવોને જાણનારો છે. ( सर्व भावांतरच्छिदे ).

હું ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસત્તારૂપ વસ્તુ છું. મારી પર્યાય સ્વભાવ સત્તામાંથી જ આવે છે. બહારમાંથી નથી આવતી. આમ નક્કી કરીને સ્વભાવમાં નમ્યો, તે નમવાની નિર્મળ પર્યાય ક્યાંથી આવી? કે જ્ઞાનસ્વભાવી વસ્તુમાંથી જ પરિણમતી-પરિણમતી તે દશા પ્રગટી છે, બહારમાંથી કે પુણ્ય-પાપમાંથી આવી નથી.

અફીણ કડવું ને લીંબુ ખાટું, પણ આત્મા કેવો?—કે આત્મા ચિત્સ્વભાવી વસ્તુ છે. દવાથી રોગ મટે ને પાણીથી તરસ મટે. ખોરાકથી ભૂખ ભાંગે, કપડાથી ટાઢ ટળે—એમ બધાના ગુણનો વિશ્વાસ કરે, પણ આત્મા ચૈતન્ય સ્વભાવી વસ્તુ છે તે બધાનો જાણનાર છે એવો વિશ્વાસ કર્યો નથી. પણ સ્વભાવ સામર્થ્યનો વિશ્વાસ કરીને તેનો આદર કરવો—તેમાં નમવું—પરિણમવું તેનું નામ માંગલિક છે. બધાને જાણું એવો ગુણ મારામાં છે—એમ પોતાના ગુણનો વિશ્વાસ કરે તો સંસાર તરત મટી જાય.

અહો! જે કુળમાં તીર્થંકરો જન્મ્યા તે કુળ આ આત્માનું છે. તીર્થંકરોમાં ને આ આત્માના સ્વભાવમાં પરમાર્થે કાંઈ ફેર નથી. ધર્મી કહે છે કે અહો! હું મારા ધર્મમૂર્તિ આત્માની પ્રતીત કરીને તેનાં ગાણા ગાવા ઊભો થયો તેમાં હવે ભંગ પડશે

નહિ. મારા સ્વભાવ સિવાય બીજા કોઈનો આદર કરું નહિ. હે તીર્થંકરો! જે કુળમાં તમે થયા તે જ કુળનો હું છું. જે વાટે તીર્થંકરો વિચર્યા છે તે જ પંથે અમે વિચરનારા છીએ. હે નાથ! તારી ને મારી ચૈતન્યજાત એક જ છે. મેં પણ એવા શુદ્ધ ચૈતન્યને માન્યો છે, અને તેનો જ આદર કરીને મોક્ષમાર્ગે ચાલ્યો આવું છું.

અમે આત્મા છીએ. અમારો ચિત્સ્વભાવ છે. ગુણ ગુણી જુદા નથી, બન્ને ત્રિકાળ છે. તેમાંથી જ જ્ઞાનની પર્યાય ખીલે છે. જ્ઞાન બહારમાંથી નથી આવતું પણ અંદર સ્વભાવ ભર્યો છે તેમાંથી તે પ્રગટે છે. શુદ્ધ આત્મા પોતાની સ્વાનુભૂતિથી જ પ્રકાશમાન છે. પોતે અંતર્મુખ થઈને પોતાનો અનુભવ કર્યો એવી નિર્વિકારી ક્રિયાથી આત્મા પ્રકાશે છે. જુઓ આ પર્યાય છે. આવી ક્રિયાને જે માને નહિ તેને વસ્તુ જ સિદ્ધ થતી નથી. અહો! આત્મા પોતે પોતાથી જ પોતાને જાણે છે. સમોસરણ ને તીર્થંકરોની હાજરી વખતે પણ તે કોઈના કારણે ભગવાન આત્મા પ્રકાશમાન થતો નથી, તે વખતે પણ પોતે પોતાના અંતરમાં સ્વાનુભવરૂપી ક્રિયાથી જ પ્રકાશમાન થાય છે.

જુઓ, આજે આ સમયસારની સ્થાપનાનો દિવસ હોવાથી સમયસારનું માંગલિક કર્યું. અંદરમાં ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવની જે ક્રિયા છે તેના વડે આત્મા પ્રગટ થાય છે, એ સિવાય બીજી કોઈ રીતે આત્મા પ્રગટ થતો નથી.

અંતર્સ્વભાવની સ્વાનુભવરૂપી ક્રિયા વડે જ આત્માને ધર્મ થાય છે. સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર તે ત્રણેય આત્માની સ્વાનુભવરૂપી ક્રિયાથી જ પ્રકાશમાન થાય છે. આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ સ્વાનુભવની ક્રિયા નરકના નારકી પણ કરી શકે છે. સ્વર્ગના દેવો ને તિર્યંચો પણ કરી શકે છે. આઠ વર્ષના બાળકોને પણ આવી સ્વાનુભૂતિની ક્રિયા થાય છે. નરકમાં પડેલાં અસંખ્ય નારકી જીવો દેહદૃષ્ટિ છોડીને અંદરના ચિદાનંદ પરમાત્માને દૃષ્ટિમાં લઈને આવી સ્વાનુભૂતિની ક્રિયા કરે છે. દેડકું પણ એવી ક્રિયા કરે છે. હું નારકી નથી, હું તો શુદ્ધ ચૈતન્યપરમાત્મા છું—એમ દૃષ્ટિમાં લઈને તે જીવો શુદ્ધ સ્વભાવની સ્વાનુભૂતિની ક્રિયા કરે છે. આવી ક્રિયા તે ધર્મ છે. તે મહા માંગલિક છે.

અરે જીવ! તું એકવાર આવા સતનું યથાર્થ શ્રવણ તો કર! શ્રવણ કરીને અંદરમાં નક્કી તો કર કે અંદરમાં કેવી વસ્તુ છે. અંદરમાં શુદ્ધ વસ્તુ છે તેના જ આશ્રયથી ધર્મ થાય છે. પહેલાં એવી રુચિ કરે તો વીર્ય તેને અનુસરીને અંતર્મુખ વળે. અંતર્મુખ સ્વભાવથી જ લાભ છે—એવી રુચિ કરે તો વીર્યની ગતિ અંતરમાં વળ્યા વિના રહે નહિ.

ચૈતન્યમૂર્તિ આત્માનો સ્વભાવ કેવો છે? ભલે વર્તમાન પર્યાયમાં થોડું જાણકાની

તાકાત હોય, પણ તેનો સ્વભાવ સર્વ ભાવોને જાણવાનો છે, જ્ઞાનમાં એકાગ્રતાની ક્રિયા કરતાં કરતાં સર્વજ્ઞ થાય તેવી તેની તાકાત છે. આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત ન માને તે મોટો નાસ્તિક છે. તેને કહે છે કે અરે આત્મા! અંતર સ્વભાવમાં એકાગ્રતાની ક્રિયા વડે પૂરા સંસારને શોષી નાખીને સર્વજ્ઞ થવાની તારામાં તાકાત છે. અનંતા આત્માઓએ અંતરની સ્વાનુભૂતિરૂપ ક્રિયા વડે સર્વજ્ઞ પરમાત્મદશા પ્રકટ કરી છે. અંદરના ચૈતન્ય-સ્વભાવમાં દૃષ્ટિ મૂકીને જે એકાગ્ર થાય તે સર્વજ્ઞ પરમાત્મા થયા વિના રહે નહિ. આ પ્રમાણે ઇષ્ટદેવ તરીકે પોતાના શુદ્ધ આત્માને ઓળખીને નમસ્કાર કર્યા તે અપૂર્વ માંગલિક છે.

[ ક્રમશઃ ]

—o—

# * નિઃસંદેહ થા! *

પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદને અનાદિ શાંત કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે, તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છે. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્ય નિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઇ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા!

—પૂજ્ય ગુરુદેવ

જૈન દર્શનનું રહસ્ય :

# રાગાદિનો અકર્તા-અભોક્તા જ્ઞાયકપ્રભુ

શ્રી સમયસાર-સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

છ કારકોના ભેદ રહિત એવું શુદ્ધ તત્ત્વ સર્વવિશુદ્ધજ્ઞાન છે. તેનો આ અધિકાર અલૌકિક છે.

સર્વ વિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આત્મારામ,
પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.

જ્ઞાનમય આત્મા છે. તે ત્રણે કાળે એક જ સ્વરૂપે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોમાં દ્રવ્ય દૃષ્ટિએ બધા આત્મા એકરૂપ છે. પહેલેથી ચૌદમા ગુણસ્થાનક સુધીમાં પર્યાયને ગૌણ કરી વ્યવહાર કરી અભૂતાર્થ કહીને ત્રિકાળ શુદ્ધ જીવને એકરૂપ કહ્યો છે. આ આત્મા સર્વ વિશુદ્ધ સદા આત્મારામ છે. જડને કરે કે ભોગવે એવો સ્વભાવ તો નથી, પણ વ્યવહાર દયા-દાનાદિના પરિણામને કરે કે ભોગવે એવો આત્માનો સ્વભાવ છે જ નહિ. અહીં પર્યાયને ગૌણ કરી સ્વભાવની વાત કરે છે. જે જાણવાવાળો છે તે કરે નહિ અને ભોગવે નહિ. અજ્ઞાની માત્ર મિથ્યાભ્રાંતિને કરે છે. રાગનું, પુણ્યનું, લોક-અલોકનું જેવું સ્વરૂપ છે—એવું આત્મા જાણે ખરો પણ કોઈના સ્વરૂપને કરે કે ભોગવે એવો તેનો સ્વભાવ નથી.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે હવે સર્વ વિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. મોક્ષ-તત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વ વિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

અહીં નાટકની ઉપમા આપી છે. અબજ વરસ સુધીના કોઈ રાજાનું નાટક બતાવવું હોય તો ચાર કલાકમાં બતાવી દે. તેમ અનાદિ અનંત જીવના સ્વરૂપનું નાટક અહીં ૪૧૫ ગાથામાં આચાર્ય ભગવાન બતાવી દે છે. મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વ વિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે; રંગભૂમિમાં જીવ-અજીવનું વર્ણન આવ્યું હતું, પછી કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ—એ આઠ સ્વાંગ આવ્યા. તેમનું પરિણમન કેવું છે તે બતાવ્યું અને તેઓ નીકળી ગયા. હવે તે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વ વિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. ત્યાં પ્રથમ જ મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે. આ માંગલિકના માણેકસ્તંભ નાખે છે.

અનાદિકાળથી અજ્ઞાની રાગને ઉત્પન્ન કરું અને તેને નાશ કરું એવી પર્યાય-બુદ્ધિ કરી કર્તા-ભોક્તા થતો હતો. હવે સ્વભાવ સન્મુખ થઈ કર્તા-ભોક્તાનો નાશ કરી

પદે પદે શુદ્ધ થાય છે. આત્મા જાણનાર છે. રાગને ઉત્પન્ન કરું કે વ્યય કરું એ સ્વરૂપમાં નથી. આત્મા જ્ઞાયકજ્યોત છે. તેવી દૃષ્ટિ થઈ છે તે બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તે છે. હું વ્યવહારને ઉત્પન્ન કરું અને તેનો નાશ કરું એ સ્વભાવની દૃષ્ટિમાં નથી. પહેલો શુભરાગ કરું અને એ વડે નિશ્ચયને રચું એમ અજ્ઞાની માને છે. અહીં કહે છે કે વ્યવહારને રચવો કે વ્યવહારનો નાશ કરવો તે મારા સ્વભાવમાં નથી. આત્મા જ્ઞાનનો પુંજ છે. જડકર્મનું તેમજ રાગનું આવરણ નથી એવો આત્મા શુદ્ધ છે. વળી જેનું પવિત્ર અચળ તેજ છે, એકલો નિર્મળ નિર્વિકારી અચળ તેજ છે. એવા એકલા જ્ઞાનરસના ફેલાવથી ભરપૂર છે. જે જ્ઞાન રાગને ચેતતું હતું અને તેમાં અટકતું હતું તે હવે અટકવું છોડી જ્ઞાન જ્ઞાનમાં અટકવા માંડ્યું તે નિજ શક્તિના ફેલાવથી ભરપૂર છે. રાગથી અને બંધ–મોક્ષની રચના આત્મા ખાલી છે અને નિજ-સ્વભાવથી ભરપૂર છે. આમ પવિત્ર અચળ જ્યોતિ પ્રકાશે છે. તેને પરનું કે રાગનું અવલંબન નથી. વળી જેનો મહિમા એવો ને એવો ટંકોત્કીર્ણ છે. ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વભાવી સૂર્ય આઠે કર્મથી અને રાગદ્વેષના કરવાથી અને તેના નાશ કરવાથી દૂર છે. એવો જ્ઞાનપુંજ આત્મા પર્યાયમાં પ્રગટ થાય છે.

આત્મા જ્ઞાનનો પિંડ છે તે જડનો કર્તા–ભોક્તા નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મામાં પરવસ્તુનું કર્તા-ભોક્તાપણું તો છે જ નહિ પરંતુ રાગનો ઉત્પાદ કરું કે વ્યય કરું અથવા સ્વભાવને ઉત્પન્ન કરું એ પણ જ્ઞાન-સ્વભાવમાં નથી એવા અબંધ સ્વભાવની દૃષ્ટિ અને સ્થિરતા કરતાં મોક્ષનો ઉત્પાદ થઈ જાય છે અને બંધનો અભાવ થઈ જાય છે. વળી પરદ્રવ્ય અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી જીવ શુદ્ધ છે, પોતાના જ્ઞાન-આનંદરસના વહેતા પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે, એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

હવે સર્વ વિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ આત્મા કર્તા–ભોક્તા ભાવથી રહિત છે એવા અર્થનો અને આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે.

ભગવાન આત્મા અનાદિ અનંત એકરૂપ છે. પરમાં ફેરફાર કરવો તે આત્માનો સ્વભાવ નથી. અજ્ઞાનથી જ તે કર્તા છે. જ્ઞાનાનંદસ્વભાવને ભૂલેલો જીવ વિકારને કરું અને ભોગવું એમ માને છે. અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે. હવે આત્માનું અકર્તા-પણું દૃષ્ટાંતપૂર્વક કહે છે:—

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.

જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.
રે! કર્મ આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

આ ગાથા અલૌકિક છે. તેમાં જૈન દર્શનનું રહસ્ય છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે શું કરે? તે જાણવા-દેખવાનું કાર્ય કરે. પણ તે રજકણને હલાવે નહિ અને રાગને ઉત્પન્ન કરે નહિ. પરંતુ કે રાગનું કર્તાપણું આત્માને નથી. જ્ઞાયક આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. આત્માનો અને જડનો પર્યાય જે સમયે જે થવાનો તે જ થવાનો. અમારે મુદ્દાની રકમ એ કહેવી છે કે એકેંદ્રિયથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોની ક્રમે અને નિયમથી જે પર્યાય થવાની તે જ થવાની, તે તે પર્યાયનો કાળ નિશ્ચિત છે. એક સમય પહેલા ન થાય કે એક સમય પછી ન થાય. ભવિતવ્ય અને કાળ એક સમયે છે. અનંતા જીવોમાં ક્રમે અને નિયમિત અવસ્થા થાય છે. આ નિયત છે. ગોમ્મટસારમાં જે 'નિયત'ની ગાથા કહી છે તે નિયત સાથે રહેલા સત્ય પુરુષાર્થને નહિ સ્વીકારનાર એવા એકાંત મિથ્યાદૃષ્ટિની વાત છે. અહીં સમયસારમાં જે નિયત કહેલ છે તે સમ્યગ્દૃષ્ટિની વાત છે. સ્વ સિવાય અનંતા પર પદાર્થો તેના સમયે ક્રમે નિશ્ચિત્ પરિણમે છે અને પોતામાં પણ રાગ ક્રમે થાય છે. એવો નિર્ણય જ્ઞાનસ્વભાવને આશ્રયે કર્યો તે જ સ્વકાળલબ્ધિ છે અને તે વખતે કર્મનો ઉપશમાદિ તે જ પ્રમાણે થવાનો હતો તે થયો છે. સર્વજ્ઞ ભગવાને જેમ દીઠું છે તેમ જડ ને ચેતનમાં પરિણામો થાય છે, છતાં તેમણે દીઠું છે તેથી છયે દ્રવ્યમાં તેવા પરિણામો થાય છે એમ નથી. દરેક પદાર્થ પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એવા છ કારકોપણે પરિણમે છે. એનો પર્યાયક્રમ જ એવો છે. છયે દ્રવ્યો પોતાની પર્યાયને સ્વકાળે પ્રગટ કરતાં તેને પહોંચી વળે છે. સમયસારની બીજી ગાથામાં જીવ સહવર્તી અને ક્રમવર્તી પર્યાયનો પિંડ છે એમ જણાવી ક્રમબદ્ધ પરિણામોની વાત કરી છે. ત્યાર પછી અજીવ અધિકારની ગાથા ૬૨ માં કહ્યું છે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણમાં અનુક્રમે આવિર્ભાવ થાય છે. એમ જણાવી ક્રમબદ્ધની વાત જીવ-અજીવ અધિકારમાં કરી છે. જે શ્રોતા પાત્ર થઈ પોતાના આત્મા માટે આ વાત સમજવા માગે તેને આ વાત સમજાય તેમ છે. અને આ વાત સાંભળીને ઊંધા જીવો પોતાની ઊંધાઈથી ઊંધાપણે પડે છે. અજ્ઞાની ક્રમબદ્ધની વાતની ઓથ લઈને ઊંધા પડે છે. જેનામાં પાત્રતા નથી તેવા માટે આ વાત નથી.

પર્યાય ક્રમબદ્ધ થાય છે. નિયમિત નિશ્ચિત છે. એમ કોણે જાણ્યું? સર્વજ્ઞે

પોતાના જ્ઞાનમાં જાણ્યું તથા જે આત્માએ પણ પોતાના જ્ઞાનમાં સ્વ-સન્મુખ થઈ જાણ્યું કે હું જાણનાર છું પણ પરનો ફેરફાર કરનાર નથી, તેને પોતાના જ્ઞાનનો, કેવળજ્ઞાનીનો અને ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે. જે જીવ પરનો તથા રાગનો અકર્તા થઈ પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વળે તેને ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ વળતા થાય છે અને એ રીતે તેને સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ, નિયત અને કર્મનો અભાવ એ પાંચે સમવાય (એ પાંચેનો સમૂહ) એકીસાથે હોય છે. ગોમ્મટસારમાં જે એકાંત નિયતવાદ કહ્યો છે તે સ્વછંદી જીવની વાત છે. જેને જ્ઞાનસ્વભાવ અંતરમાં બેઠો નથી અને પરના કર્તાપણાના ઉછાળા બેઠા નથી, તેવા અજ્ઞાની જીવો થવાનું હશે તેમ થશે,-એમ માત્ર બકે છે તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એક સમયના પરિણામનાં ત્રણ લક્ષણ ગાથા-૭૬ થી ૭૯ માં કહ્યાં છે. તેમાં જે સમયે જે પર્યાય થવાની તેને જ દ્રવ્ય પહોંચી વળે છે તે પ્રાપ્ય છે, તે પણ ક્રમબદ્ધ પર્યાયનો નિયમ જણાવે છે. અહીં સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકારમાં પણ એ કહ્યું છે આત્માનો પરમભાવ જ્ઞાન છે. જ્ઞાયક શું કરે ? જે છે, હોય, જાય, થાય તેને જાણવાની ક્રિયા જ્ઞાયકની છે—આવો રાગ લાવું કે પરની ક્રિયા કરું એવી બુદ્ધિમાં જ્ઞાયકભાવની બુદ્ધિ નથી.

ક્રમબદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ધર્મ છે. દ્રવ્ય તે સમયે તે જ પર્યાયને દ્રવે, ગુણની પર્યાય તે સમયે તે જ હોય અને પર્યાય પણ તે સમયે તે જ હોય એમાં ફેરફાર કરવાનું જે માને તેને સર્વજ્ઞની શ્રદ્ધા નથી. ક્રમબદ્ધની શ્રદ્ધા નથી કે છ દ્રવ્યની શ્રદ્ધા નથી.

કોઈ કહે કે બુદ્ધિપૂર્વક રાગ અક્રમે થાય અને અબુદ્ધિપૂર્વક રાગ ક્રમબદ્ધ થાય તો તે વાત તત્ત્વથી વિરુદ્ધ છે. જે પ્રકારે જે રાગનો પર્યાય બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક જેટલો, જેવો અને જેમ થવાનો તે જ થવાનો છે. તેનો ક્રમબદ્ધ પ્રવાહ છે. આવા પ્રવાહ ક્રમને જાણનાર આત્મા છે. આમ યથાર્થ જાણતા અનંતા પર પદાર્થના કર્તાપણાનું અભિમાન ઊડી જાય છે. મેં શરીર ચલાવ્યું, મેં આને સમજાવ્યો, મેં આને રાખ્યો વગેરે પ્રકારના બધા વિપરીત અભિપ્રાયનો ભૂકો ત્યાં ઊડી જાય છે. આ ગાથાની સંસ્કૃત ટીકામાં નીચેના શબ્દો છે.

जीवो हि तावत् क्रम नियमित आत्मपरिणामैः उत्पद्यमानो जीव—તેમાં क्रम અને नियमित એ બે ખાસ મહત્ત્વના શબ્દો છે. જીવ પોતામાં ક્રમે અને નિશ્ચિત્ રૂપે પોતાના પરિણામોથી ઉપજે છે. વસ્તુનો સ્વભાવ જે જાણે તેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો નાશ થાય તેને સ્વચ્છંદતાનો નાશ થાય અને સ્વતંત્રતાનો ઉત્પાદ થાય છે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થતાં કાળ અને ભવિષ્યનો નિર્ણય તેમાં આવી જાય છે. શ્રી બનારસીદાસે "એકમાં અનેક ખોજે"—એમ શ્રી સમયસાર નાટકમાં કહ્યું છે. ત્યાં

પણ આ જ કહ્યું છે. જેને વ્યવહાર સરળતા અને સજ્જનતાના ઠેકાણા નથી, તે એમ કહે કે જેમ બનવાનું હશે તેમ બનશે તો તે સ્વચ્છંદી છે. તે ક્રમબદ્ધ પર્યાયના બહાનાથી પોતાના અનંત સંસારનું પોષણ કરી રહ્યો છે. જો જીવ પાત્રતા અને સજ્જનતા લાવી આ વાત સાંભળે તો તેમાં બધાં ખુલાસા આવી જાય છે. રાગ આવે તો ધર્મ થાય એમ માનનારને રાગને જાણનારની શ્રદ્ધા નથી. નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય એમ માનનારને નિમિત્તના ક્રમને અને પોતાના ક્રમને જાણનાર જ્ઞાયકભાવની ખબર નથી. આ વાત જેને બેસે તેને પરના અને રાગના ઉછાળા બેસી જાય છે. આચાર્યદેવે આ વાત દીવા જેવી સ્પષ્ટ કરી છે. અનંતા પર પદાર્થમાં પર્યાય ક્રમસર થાય છે અને મારામાં પણ ક્રમસર પર્યાય થાય છે. એમ નિર્ણય થતાં પરના તથા રાગના કર્તાપણાની બુદ્ધિ છૂટી જાય છે અને જ્ઞાયકભાવનો નિર્ણય થાય છે. પ્રભુ ! તારી પ્રભુતામય તારું મંદિર તારામાં છે. તારો પરમ ગ્રાહક ભાવ તે જ્ઞાયકભાવ છે. જીવ અનાદિનો જ્ઞાયકભાવે રહ્યો છે. છતાં અન્યથા અધ્યવસિત થયો છે–એમ પ્રવચનસારમાં કહ્યું છે. આનું આમ કરું, આને આમ લાવું એમ અન્યથા માની મોહને ઉત્પન્ન કરે છે.

વળી કોઈ કહે કે શરીરમાં પરમાણુ આવે તે ક્રમબદ્ધ છે. પણ શરીરને ઇચ્છાથી ચલાવીએ તે અક્રમ છે વળી બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ અક્રમે થાય છે તથા તેના નિમિત્તે બંધાતા કર્મો પણ અક્રમે છે ને અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ તથા તેના નિમિત્તે બંધાતા કર્મો ક્રમબદ્ધ છે. તો તે બધી ખોટી વાત છે. તેવા જીવને જ્ઞાયકભાવની તેમજ જ્ઞેયની યથાર્થ શ્રદ્ધા નથી. વળી કોઈ કહે કે જે સંપ્રદાયમાં હોઈએ અને ત્યાં જે ગુરુ મળ્યા હોય તેને આપણે છોડવા નહીં છોડવામાં ઉતાવળ ન કરવી. ઉતાવળ એટલી કચાશ અને કચાશ એટલી વિપરીતતા. કુદરતના નિયમમાં એવું આવ્યું છે માટે ઉતાવળ ન કરવી –તો તે પણ ખોટી વાત છે. જેને કુદેવાદિની શ્રદ્ધા છે તેને કેવળજ્ઞાનીની સાચી શ્રદ્ધા હોય જ નહિ.

જીવના પરિણામ નિયમિત સ્વકાળે થાય છે. પર્યાયનો તે સ્વકાળ હોવાથી તે-રૂપે જીવ ઉપજે છે. ગાથામાં 'ગુણ' શબ્દ છે તેનો અર્થ અહીં પર્યાય સમજવો. જીવનો પરમપારિણામિક ભાવ તે જ્ઞાયકભાવ છે. માટે સ્વ-પરના જ્ઞાયકપણે રહેવું એ તેનો સ્વભાવ છે.

કોઈ કહે કે નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય અને ન આવે તો કાર્ય ન થાય, તો તેની તે વાત ખોટી છે. તે જીવ ક્રમબદ્ધના નિયમને સમજતો નથી અને તેથી કેવળીને કે આત્માને પણ સમજતો નથી.

વળી કોઈ કહે કે તો પછી અમારે અશુભભાવ ટાળવો નહિ ને ? ભાઈ જે અશુભભાવ ઉત્પન્ન થયો તેને શું ટાળવો ? આત્મા તો જાણનાર છે. જે પર્યાય થાય

તેને જાણવાનો તેનો સ્વભાવ છે. આ નિર્ણય થતાં જે પુરુષાર્થ પહેલાં નિમિત્ત અને રાગમાં ફેરફાર કરવા માંગતો હતો તે પુરુષાર્થ હવે જાણનાર તરફ વળ્યો. એમ ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય થતા સાધક જીવને અધીરજ નથી, ઉતાવળ નથી, તેમજ પ્રમાદ પણ નથી. પોતે જાણનાર રહેતાં જ્ઞાન અધિકપણે પરિણમવા લાગ્યું ને રાગ ગૌણ થઈ ગયો. ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ થતાં રાગનો અને પરનો અકર્તા થયો પણ સ્વભાવનો કર્તા થયો. પ્રવચનસાર ગાથા ૯૯ માં કહ્યું છે કે "સ્વભાવમાં અવસ્થિત હોવાથી દ્રવ્ય સત્ છે, દ્રવ્યનો જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત પરિણામ તે પદાર્થોનો સ્વભાવ છે," એ ગાથામાં પણ આચાર્યદેવે દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ કહ્યું છે એટલે કે જે સમયે જે પર્યાય થવાની તે સમયે તે જ પર્યાય થવાની પણ આઘીપાછી વહેલી મોડી થવાની નહીં. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સત્ છે. એક સમયમાં ત્રણ હોવા છતાં ત્રણેના લક્ષણ જુદાં છે. એક લક્ષણે એક ઓળખાય. જે ક્રમબદ્ધ પર્યાય થયો તે ઉત્પાદ હોવાથી ઉત્પાદના લક્ષણથી લક્ષિત છે, વ્યય વ્યયના લક્ષણથી ને ધ્રુવ ધ્રુવના લક્ષણથી લક્ષિત છે. જે સમયે જે પર્યાય જેવી થવાની છે તે જ થાય છે તે નિશ્ચિત છે–એમ કોણ નિર્ણય કરે? સ્વસન્મુખ થયેલું જ્ઞાન નિર્ણય કરે. આ પુરુષાર્થ જ્ઞાયક-સ્વભાવનો છે. તે સમયે જે પર્યાય થયો તે જ કાળલબ્ધિ છે અને તે જ ભવિતવ્ય અથવા નિયત છે અને તે કાળે કર્મના ક્રમબદ્ધમાં કર્મનો અભાવ થયો છે. આમ પાંચે સમવાય એકી સાથે હોય છે, જીવે નિર્ણય કર્યો માટે કર્મનો ઉપશમાદિ થયો એમ નથી. શાસ્ત્રમાં અનેક કથન આવે, કર્મનું સંક્રમણ થાય, સ્થિતિ રસનું વધવું—ઘટવું થાય વગેરે લખાણ આવે પણ તે બધું ક્રમે જ થાય છે. એમ તેનો આશય સમજવો, બધામાં એક જ નિયમ સમજ્યા વિના સંસારનો આરો આવે તેમ નથી. શુભરાગ કરે શાતા વેદનીય બંધાય અને અશુભથી શાતા વેદનીય પલટી જાય તે બધા નિમિત્તના કથન છે. કર્મની પર્યાય થવાની ન હતી ને થઈ છે–એમ નથી. તેવી જ કર્મની અવસ્થા થવાની હતી તે નિશ્ચિત હતી. આત્મા મહાસત્તાનો જાણનાર છે. તેમ જ રાગાદિની તથા પરની જે પર્યાય થઈ તે અવાન્તર સત્તાનો પણ જાણનાર છે. આત્મા ચૈતન્ય-સંપદાની ઋદ્ધિથી ભરપૂર છે. પરદ્રવ્યની જે પર્યાય થાય તેને તથા પોતાના જ્ઞાનને જ એક સમયે જાણે એવો ચૈતન્યચમત્કાર છે.

અનંતા જીવોની પર્યાય પણ ક્રમબદ્ધ છે તો કઈ પર્યાય ફેરવાશે? ક્રમબદ્ધને જે માનતો નથી તે પરમાં ફેરફાર કરવા માગે છે ને તેથી સ્વયં દુઃખી થાય છે. બધું સુનિશ્ચિત છે. અજ્ઞાની કહે છે કે આવું નિમિત્ત હોય તો આમ થાય પણ ભાઈ! વસ્તુ વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત? જો અવ્યવસ્થિત માનવામાં આવે તો કેવળજ્ઞાન ઉડી જાય છે અને વ્યવસ્થિત છે એમ માનવામાં આવે તો પરના કર્તાપણાનું અભિમાન ઉડી જાય છે. માટે દરેક પર્યાય વ્યવસ્થિત છે એમ નિર્ણય કરવો. (ક્રમશઃ)

—૦—

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિશેષ પ્રેરણા વડે
## અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવાયેલો
# ૯૪ મો ગુરુ-જન્મ-જયંતી મહોત્સવ

જેઓશ્રીનો ઉપકાર-મહિમા-ભક્તિ પોતાના હૃદયકમળમાં અવિચળપણે વસી રહ્યો છે, જેઓશ્રીના ઉપકાર-મહિમાનું વર્ણન કરતાં જેમને તૃપ્તિ થતી નથી એવા પ્રશમમૂર્તિ ભગવતી માતાએ વચનામૃત-પ્રવચન ભાગ-૧ માં પોતાના સુહસ્તાક્ષરો દ્વારા જેમના માટે લખ્યું છે કે "હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંતઅનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો."—એવા અપાર કરુણાસાગર જીવનશિલ્પિ કલ્યાણમૂર્તિ પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૪ મી મંગલ જન્મજયંતી, પ્રશમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની વિશેષ પ્રેરણાથી, અનેકવિધિ ઉલ્લાસભર્યા ધાર્મિક કાર્યક્રમો દ્વારા અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવાઈ હતી. અત્યંત આનંદદાયી આ ગુરુ-જન્મ-જયંતી મહોત્સવનો લાભ સ્થાનિક તેમ જ દેશભરમાંથી આવેલા લગભગ ૨૦૦૦ મુમુક્ષુઓએ લીધો હતો.

આ મંગલ જન્મજયંતીના ઉપલક્ષમાં રાખવામાં આવેલ તા. ૧૦-૫-૮૩ થી તા. ૧૪-૫-૮૩ સુધીના પાંચ દિવસના મહોત્સવ માટે મુમુક્ષુઓમાં ઘણો ઉત્સાહ જણાતો હતો. મહોસત્વ શરૂ થયાં પહેલાં જ મહેમાનો સોનગઢ આવવા લાગ્યા હતા. શ્રી સ્વાધ્યાયમંદિર, શ્રી સમાધિમંદિર, શ્રી જિનમંદિર, શ્રી પરમાગમમંદિર, શ્રી માનસ્તંભ, શ્રી સમવસરણ તેમ જ ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ દર વર્ષ કરતાં વિશેષરૂપે વિદ્યુત-રોશની વડે સુશોભિત કરવામાં આવ્યા હતા.

પ્રશમમૂર્તિ ભગવતી માતાની મંગલ પ્રેરણાથી તૈયાર કરવામાં આવેલ કાચનિર્મિત 'ૐકાર' તેમ જ 'સહજ ચિદાનંદ'; 'ગુરુ-જન્મધામ-ઉમરાળા'નું ભવ્ય મૉડલ અને 'પાવનભૂમિ-પાલેજ'નું સુંદર ચિત્રપટ વિશેષ આકર્ષણીય હતા.

૯૪ મી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી વીસ વિહરમાન જિનમંડલ વિધાનપૂજા જિનમંદિરમાં રોજ સવારે રાખવામાં આવી હતી અને ત્યાર બાદ શ્રી સ્વાધ્યાય

મંદિરમાં ગુરુ-સ્તુતિ કરવામાં આવતી હતી. રોજ સવારે ૮ થી ૯ પરમોપકારી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ સદા સાક્ષાત્ હોવાની પ્રતીત કરાવતું તેઓશ્રીનું આધ્યાત્મિક ટેપ રેકોર્ડિંગ પ્રવચન રાખવામાં આવતું, જે સાંભળતી વખતે મુમુક્ષુઓને તેઓશ્રીની દિવ્યવાણીની સાથોસાથ પ્રમોદકારી ચેષ્ટાઓ પણ જ્ઞાનનયનમાં તરવરતી હતી. રોજ સવારના ટેપ-પ્રવચન બાદ બ્રહ્મચારી બહેનો ગુરુજન્મ મંગલ વધામણાના ભક્તિગીતો ગાતા હતા. બપોરે વિદ્વાન પં. શ્રી હિંમતભાઈ ડગલી (વિંછિયા)નું શાસ્ત્રપ્રવચન થતું જેમાં ધર્મપિતા જીવનશિલ્પિ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનકાળના અનેક પ્રસંગોનું, તેઓશ્રીના ઉપકાર-મહિમાનું તેમ જ પ્રશમમૂર્તિ ભગવતી માતાના ઉપકાર-મહિમાનું સ્મરણ કરાવતાં. પરમાગમમંદિરમાં ઠસોઠસ ભરેલો મુમુક્ષુ સમુદાય અત્યંત આનંદિત થતો હતો. ત્યાર બાદ આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ શાહ (સોનગઢ) દ્વારા ભાવવાહી શૈલીમાં જિનેન્દ્રભક્તિ તેમ જ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન રચિત ગુરુસ્તવનોની ભક્તિ કરાવવામાં આવતી હતી. રોજ સાંજે ૭। થી ૭॥ શ્રી સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સમક્ષ થતી ગુરુભક્તિમાં ભાઈઓ-બહેનો બહુ ઉત્સાહથી લાભ લેતા હતા. ત્યાર બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનો સાક્ષાત્કાર કરાવતું પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિકમસ્તી ભર્યું ટેપ-પ્રવચન થતું હતું.

૯૪ મી મંગલ ગુરુ-જન્મજયંતી—વૈશાખ સુદ બીજ, શનિવાર તા. ૧૪-૫-૮૩ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સહિત, વહેલી સવારના ૫। વાગે નીકળેલી, ગુરુ-જન્મ-વધાઈના ભક્તિગીતો ગાતાં-ગાતાં સુવર્ણપુરીમાં ફરેલી પ્રભાતફેરીથી મુમુક્ષુહૃદયમાં ઘણો જ ઉત્સાહ વર્તતો હતો. પોતાની નાદુરસ્ત તબિયત હોવાં છતાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીએ બહાર પધારીને ભક્તિથી દર્શન કર્યા હતા.

પ્રભાતફેરી ગામમાં ફરીને શ્રી પરમાગમમંદિરમાં સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સમક્ષ ગુરુભક્ત મુમુક્ષુ સમુદાયે શ્રી સદ્ગુરુ સ્તુતિ દ્વારા પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ શ્રી જિનમંદિરમાં સમૂહપૂજા કરવામાં આવી હતી.

વૈશાખ સુદ બીજના આ માંગલિકદિને ટેપ-પ્રવચન દ્વારા પરમ કલ્યાણકારી કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ શુદ્ધાત્મ પ્રાપ્તિના રહસ્યભૂત માર્ગનું પ્રકાશન કરતાં સિંહનાદ પૂર્વક કહ્યું હતું કે "હે મોક્ષાર્થી! તું જિનવરમાં ને શુદ્ધાત્મામાં કિંચિત્ ભેદ ન જાણ, ન જાણ. કિંચિત્ ભેદ ન પાડ, ન પાડ!".... જે સાંભળતાં મુમુક્ષુઓ અત્યંત આનંદિત થયા હતા. ટેપ-પ્રવચન બાદ આદરણીય પં. શ્રી હિંમતભાઈ શાહ, મુરબ્બી શ્રી ખીમચંદભાઈ શાહ તથા મુરબ્બી ભાઈશ્રી લાલચંદભાઈ મોદીએ મુમુક્ષુ

સમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ શ્રદ્ધાંજલિ અર્પણ કરતું વક્તવ્ય રજૂ કર્યું હતું. બપોરના શ્રી હિંમતભાઈ ડગલીના પ્રવચન બાદ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીના દર્શનનો ઉપસ્થિત સમાજને લાભ મળ્યો હતો. સાંજે જિનેન્દ્ર આરતી પછી ગુરુ–ભક્તિના કાર્યક્રમ દ્વારા ગુરુ–ભક્ત મુમુક્ષુ સમાજે ગુરુદેવના ઉપકાર–મહિમાની ભક્તિની ધૂન મચાવી હતી. ત્યારબાદ પરમોકારી પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ–પ્રવચન રાખવામાં આવ્યું હતું, અને રાત્રે બહેનોએ શ્રી સ્વાધ્યાયમંદિરમાં ખૂબ ગુરુ–ભક્તિ કરી હતી.

* ગુરુ જન્મજયંતીના હર્ષોપલક્ષમાં પૂજ્ય બહેનશ્રી તરફથી ગુજરાતી તેમ જ હિન્દી આત્મધર્મના જન્મજયંતી અંકની તેથા ચાર મુમુક્ષુ બહેનો તરફથી સ્ટીલની ફ્રેમમાં મઢેલા પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદવાળા ફોટાની સ્થાનિક ઘર દીઠ પ્રભાવના કરવામાં આવી હતી.

* આ માંગલિક મહોત્સવના ઉપલક્ષમાં શ્રી અમૃતલાલ કાળીદાસ મેઘાણી (મલાડ) તરફથી શરૂઆતના ચાર દિવસ માટે ૨૦% તથા જન્મજયંતી દિને ૨૫% તેમ જ શ્રી ચીમનલાલ હેમચંદ વોરા તરફથી ૨૫% કિંમત ઘટાડાથી (–ડીસ્કાઉન્ટથી) પુસ્તકોનું વેચાણ રાખવામાં આવ્યું હતું.

* આ માંગલિક પ્રસંગે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તેમ જ કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી તથા શ્રી રસિકલાલ અમરચંદ ડગલી તથા શ્રી કંચનબેન ચંદુલાલ સંઘવી (અમદાવાદ) તરફથી શ્રી વીસ વિહરમાન જિનમંડલ વિધાન પૂજા રાખવામાં આવી હતી.

* વૈશાખ સુદ એકમના રોજ ફિલ્મ દ્વારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો સૌને લાભ મળ્યો હતો.

* શ્રી કુંદકુંદકહાન દિ. જૈન ભજનમંડળી ઘાટકોપર દ્વારા ગુરુભક્તિના વિશેષ ભક્તિ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

* ૯૪ મી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં રાખવામાં આવેલા અનેકવિધ ધાર્મિક કાયક્રમોમાં ૧૦૦ વર્ષની વયોવૃદ્ધ અવસ્થામાં પણ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીની નિયમિત સમયસરની હાજરી સૌને પ્રેરણારૂપ બની હતી.

* ૯૪ મી જન્મજયંતીની ખુશાલીમાં ૯૪ ના અંકમાં કુલ રૂપિયા ૫૮૯૦૧/– ની દાનરાશિ મુમુક્ષુઓ દ્વારા જાહેર થઈ હતી. તદુપરાંત જાહેર થયેલી દાનરાશિ મળીને કુલ રકમ રૂપિયા દોઢ લાખ જેવી થઈ હતી.

* સ્વ. શિલાબેનના સ્મરણાર્થે શ્રી રસિકલાલ અમરચંદ ડગલીએ તેમ જ સ્વ.

મોહનલાલ કાનજીભાઈ ઘીયાના સ્મરણાર્થે શ્રી રતિભાઈ મોહનલાલ ઘીયાએ પુસ્તિકાની પ્રભાવના કરી હતી.

* રૂા. ૧૦,૦૦૧/– શ્રી નાનાલાલ કાળીદાસ જસાણીના પરિવાર તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતીના મંગલ મહોત્સવ પર કાયમી શ્રી જિનેન્દ્ર મંડલ વિધાન પૂજા ખાતે જાહેર કરવામાં આવેલ.

* દરેક પ્રસંગો વખતે પરમાગમમંદિર મુમુક્ષુઓથી ઠસોઠસ ભરાયેલ રહેતો હતો.

—ઈત્યાદિ અનેકવિધ ભક્તિરસસભર ધાર્મિક કાર્યક્રમો દ્વારા ૯૪ મો જન્મ જયંતી મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો.

* દેશભરના મુમુક્ષુ મંડળોએ ૯૪ મી જન્મજયંતી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા અત્યંત ભક્તિ–ઉલ્લાસ પૂર્વક ઉજવ્યાના સમાચારો આવી રહ્યા છે.

* ૯૪ મી મંગલ ગુરુ-જન્મજયંતીના હર્ષોપલક્ષમાં રાખવામાં આવેલ વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણવર્ગ સાનંદ સમ્પન્ન થયો હતો. શિક્ષણવર્ગમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓને મુરબ્બી શ્રી રામજીભાઈના સુહસ્તે પ્રમાણપત્ર-સર્ટીફીકેટ, ધાર્મિક પુસ્તક તેમ જ ઉચ્ચ ગુણ પ્રાપ્ત વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. શિક્ષણ વર્ગમાં રાખવામાં આવેલ ઉત્તમવર્ગમાં શ્રી હિંમતભાઈ ડગલી તથા બ્ર. શ્રી ચંદુભાઈએ, મધ્યમવર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે તથા જઘન્યવર્ગમાં શ્રી ચીમનભાઈ કામદારે શિક્ષણ આપ્યું હતું.

* નાના નાના બાળકોને બ્ર. શ્રી સુશીલાબેન જગજીવનદાસ શાહે સુંદર ધાર્મિક કથા–વાર્તાના માધ્યમથી ધાર્મિક શિક્ષણ આપ્યું હતું.

* વિદ્યાર્થીઓ માટેના શિક્ષણવર્ગમાં દાખલ થયેલા ને સ્કૂલ–કોલેજમાં ભણતાં મહેમાન વિદ્યાર્થીઓને સ્વામીવાત્સલ્યભોજન આપવા માટે અગાઉ ત્રણ મુમુક્ષુઓ તરફથી એક–એક હજાર રૂપિયા જાહેર કરવામાં આવેલા, તે ઉપરાંત નવ દાતાઓ તરફથી એક–એક હજાર રૂપિયા જાહેર કરવામાં આવેલા.

| | | |
|---|---|---|
| ગંગાબેન પ્રેમચંદ શાહ, | અંબાલાલ કેશવલાલ શાહ | નાનાલાલ કાળીદાસ જસાણી |
| હીરાલાલ ભીખાલાલ શાહ | મદનરાજ છાજેડ જોધપુર | સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા |
| હીરાલાલ ભીખાલાલ શાહ | વેલજી મેઘજી શાહ સોનગઢ | સ્વ. કોઠારી મણિલાલ ત્રિભોવનદાસ |

* ચૈત્ર વદ આઠમ—પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિ-સમન્વિત જ્ઞાનધારામાં ધર્મ-વિશિષ્ટ જાતિસ્મરણજ્ઞાનના સમુત્પત્તિનો મંગલ દિવસ—શ્રી જિનેન્દ્ર–પૂજા તથા ભક્તિ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* વૈશાખ સુદ દસમ—શ્રી મહાવીર ભગવાનનો કેવળજ્ઞાન કલ્યાણક દિન તેમજ માનસ્તંભનો માસિક દિવસ, વૈશાખ વદ છઠ્ઠ—શ્રી સમવસરણમંદિરનો પ્રતિષ્ઠાનો ૪૨ મો

વાર્ષિક દિન તેમજ વૈશાખ વદ આઠમ—શ્રી સ્વાધ્યાયમંદિરમાં શ્રી સમયસારજીની સ્થાપનાનો ૪૬ મો વાર્ષિક દિન શ્રી જિનેન્દ્રપૂજા-ભક્તિ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* જેઠ સુદ પાંચમ-શ્રુતપંચમીનો દિવસ શ્રી ષટ્ખંડાગમની વિશેષ પૂજા-ભક્તિ દ્વારા ઉજવવામાં આવશે.

* વૈશાખ સુદ બીજના દિવસે પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શન પ્રસંગે તેઓશ્રીના ચરણે આવેલી દાનરાશિ રૂા. ૫૦૮૧/- શ્રી નંદીશ્વર જિનાલય ખાતે જાહેર કરવામાં આવી હતી.

* પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ જન્મજયંતીના હર્ષોપલક્ષમાં પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો લાભ નીચેના પરિવારોને પ્રાપ્ત થયો હતો.

રૂા. ૪૦૧૧/- શ્રી નારણદાસ કરસનજી શાહ અને પરિવાર (સુરેન્દ્રનગર)

રૂા. ૪૦૦૪/- એક મુમુક્ષુ બહેન (સોનગઢ)

રૂા. ૩૫૭૧/- શ્રી કાંતિલાલ હરિલાલ શાહ તથા કાંતાબેન કાન્તિલાલ શાહ અને પરિવાર (મુંબઈ)

* * *

* શ્રી કાનજીસ્વામી દિ. જૈન વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ, સોનગઢમાં ફર્નિચર, પાગરણ આદિ વસાવવા દાતાઓની સુવિધા માટે નીચે મુજબ એક યોજના નક્કી કરવામાં આવી છે.

રૂા. ૧૫૦૧/= એક બ્લોક માટે શીલીંગ ફેન-૧, પલંગ-૨, ખુરશી-૨ તથા પાગરણ સેટ-૨ તેમજ રસોડાની ચીજ-વસ્તુઓ.

રૂા. ૬૦૧/= શીલીંગ ફેન-૧

રૂા. ૨૫૧/= લોખંડનો પલંગ-૧

રૂા. ૨૫૧/= ગાદલું, રજાઈ, ઓશીકાનો સેટ-૧ (કવર સાથે)

રૂા. ૧૦૧/= પ્રાઈમસ-૧

રૂા. ૧૦૧/= સ્ટીલની તપેલી-૨, સાણસી-૧, બાલદી-૧

—ઉપરની દાન યોજનાનો લાભ લેવા ઈચ્છતા દાતાઓએ શ્રી કાનજીસ્વામી દિ. જૈન વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ, સોનગઢનો સંપર્ક સાધવો.

—ટ્રસ્ટીઓ

શ્રી કાનજીસ્વામી દિ. જૈન વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ, સોનગઢ

## વૈરાગ્ય સમાચાર :—

* ભાવનગર નિવાસી શ્રી પ્રાણલાલ વાલજીભાઈ મહેતા (વર્ષ ૭૪) તા. ૧૨-૩-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી ધીરજલાલ મંગલજી ચોવટીયા (વર્ષ ૭૫) તા. ૨૯-૩-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાસણાવાળા કેશવલાલ વર્ણી તા. ૧૦-૪-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી સવિતાબેન હિંમતલાલ શાહ તા. ૪-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી પ્રાણલાલ છગનલાલ દેસાઈ (ગોડા) ના ધર્મપત્નિ અંજવાળીબેન તા. ૨૭-૪-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્ય છે.

* વિંછીયાનિવાસી (હાલ જોરાવરનગર) શ્રી ચંપકલાલ કસ્તુરચંદ ડગલી (વર્ષ-૬૯) તા. ૧-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગર નિવાસી શ્રી અનોપચંદ માધવજી શાહ (વર્ષ-૬૦) તા. ૭-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વારંવાર સોનગઢ આવીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશિની અધ્યાત્મ વાણીનો લાભ લેતા હતા. તેઓ વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

### ગ્રાહકોને સૂચના :—

જુલાઈ '૮૩ થી આત્મધર્મનું નવું વર્ષ શરૂ થતું હોઈને, વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ '૮૩ થી જૂન '૮૪ ના નવા વર્ષનું લવાજમ રૂપિયા નવ સત્વરે મોકલી વ્યવસ્થામાં સહકાર આપવો.

ટપાલ ખાતાની સૂચના હોવાથી દરેક ગ્રાહકે પોતાના એડ્રેસમાં જિલ્લો તથા પીનકોડ નંબર ખાસ લખવા.

## ૯૪ મી જન્મજયંતી મહોત્સવની ખુશાલીમાં દાતાઓ તરફથી જાહેર થયેલી દાનરાશિ:—

૯૪×૫૧ પટેલ ચીમનલાલ છોતાભાઈ સાંદરણા.

૯૪×૨૫ નરોત્તમદાસ નાગરદાસ બોટાદવાળા

૯૪×૨૧ નાનાલાલ કાળીદાસ જસાણી

૯૪×૧૧ હીરાલાલ ભીખાલાલ દહેગામ — સિદ્ધકુમાર વ્રજલાલ ડેલીવાળા સુરત
મગનલાલ જીવણલાલ પરિવાર ન્યુયોર્ક — ચીમનલાલ ઠાકરશી મોદી મલાડ
નીમ્ફ લેબોરેટરી મુંબઈ — દિ. જૈન મુમુક્ષુ મંડળ ઘાટકોપર
વ્રજલાલ મગનલાલ શાહ જલગાંવ — રાજકોટ દિ. જૈન સંઘ
હીરાલાલજી કાલા ભાવનગર — દાદર દિ. જૈન મુમુક્ષુ મંડળ

૯૪×૫ વ્રજલાલ જેઠાલાલ શાહ તથા પં. હિંમતલાલ જે. સોનગઢ — ભોગીલાલ ચત્રભુજ દોશી ઘાટકોપર
વેલજી મેઘજી શાહ સોનગઢ — શાંતિભાઈ તથા કાન્તિભાઈ જોડીયાવાળા સોનગઢ
ચંદુલાલ મોહનલાલ મહેતા સુરેન્દ્રનગર — રતિલાલ મોહનલાલ ઘીયા રાજકોટ
પ્રાણલાલ પુરૂષોત્તમદાસ કામદાર દાદર — રંભાબેન પોપટલાલ વોરા મુંબઈ
હીંમતલાલ છોટાલાલ જોબાલીયા સોનગઢ — શાંતિલાલ ચુનિલાલ ખાટડીયા સાયન
ડૉ. પ્રવિણભાઈ દોશી રાજકોટ — હસમુખલાલ કાંતીલાલ ગાંધી ભાવનગર
સુંદરજી વીરજી વારીયા જામનગર — ચંપાબેન તખ્તરાજ વનાજી કલકત્તા

૯૪×૪ જગજીવનદાસ ચતુરભાઈ સુરેન્દ્રનગર

૯૪×૩ રતિલાલ માણેકચંદ સંઘવી મોરબી — છબીલદાસ ત્રંબકલાલ ડગલી મલાડ
સ્વ. ખીમચંદ છોટાલાલ જોબાલીયા સોનગઢ — દિ. જૈન મુમુક્ષુ મંડળ ઉદેપુર
કુંવરજી જાદવજી પાલેજ — નંદલાલ પ્રાગજી મહેતા ઉમરાળા
કાંતાબેન મહાસુખભાઈ અજમેરા નાગપુર — અંબાલાલ કેશવલાલ શાહ દહેગામ

૯૪×૨ ચીમનલાલ હેમચંદ વોરા વઢવાણસીટી — જવેરીબેન ત્રંબકલાલ ઘડિયાળી સુરેન્દ્રનગર
જીજીબેન મોદી હ: મોહનભાઈ મોદી મુંબઈ — સરયુબેન પ્રવિણચંદ્ર શાહ
બાબુલાલ કેશવલાલ શાહ — જયવંતભાઈ અમૃતલાલ મેઘાણી મલાડ
હરિભાઈ પી. પટેલ સુરત — લીલાવંતી મનસુખલાલ કોઠારી પોરબંદર
બાબુભાઈ માણેકલાલ ખાર — શાંતાબેન કેશવલાલ વઢવાણ,
વીરચંદભાઈ જેઠાલાલ માલદે — ખીમચંદ જેઠાલાલ શેઠ રાજકોટ
નિશિત વસંતકુમાર માલદે — પારસ રવિન્દ્રભાઈ મહેતા ભાવનગર
હસુભાઈ મગનલાલ પારેખ સોનગઢ — ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા મલાડ
સ્વ. શીલાબેન રસીકલાલ ડગલી ઘાટકોપર — ગોંડલ દિ. જૈન મુમુક્ષુ મંડળ
સુરત દિ. જૈન મુમુક્ષુ મંડળ — છોટાલાલ કેશવજી ભાયાણી લાઠી

(વધુ આવતા અંકે)